# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે કાર્યરત પ્લાન યોજના "સ્ટ્રેન્થનિંગ ઓફ ફાર્મ ટેકનૉલોજિ ટ્રેનીંગ સેન્ટર" અંતર્ગત તા: ૦૬-૦૮-૨૦૧૬ ના રોજ **મહિલા સશક્તિકરણ કાર્યક્રમ** યોજાયો. સદર કાર્યક્રમમાં મહેમદાવાદ તાલુકાની ૩૭ મહિલાઓ હાજર રહેલ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. બી. એન. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીશ્રી એ આમંત્રિત મહીઓલાઓનું શાબ્દિક સ્વાગત તથા સ્વાગત પ્રવચન કર્યું હતું અને અવાર નવાર આવા કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લેવાનું સૂચન કર્યુ હતુ. પ્રો. એસ. એ. સિપાઈ, મદદનીશ વિસ્તરણશિક્ષણ શાસ્ત્રીએ પ્રારંભિક ઉદબોધન તથા ગ્રામ્ય મહિલાઓમાં વિસ્તરણ શિક્ષણની જરૂરિયાત વિષે વ્યાખ્યાન આપ્યું હતું. પ્રો. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે આધુનિક કૃષિમાં મહિલાઓની ભૂમિકા અને પડતી મુશ્કેલીઓ વિશે વિસ્તૃત વ્યાખ્યાન આપેલ તથા તેઓશ્રીએ મહિલાઓને સાક્ષરતા વિશેના કાર્યક્રમોમાં હાજરી આપવા સૂચવેલ. કાર્યક્રમ દરમિયાન મહિલાઓના પ્રોત્સાહન માટે પશુપાલન એક વ્યવસાય અને સફળ પશુ પાલક મહિલા વિશે વિડિયો ફિલ્મ પણ બતાવવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે પ્રો. એસ. એ. સિપાઈએ આભારવિધી કરી હતી.






કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે તા. ૨૮/૦૭/૨૦૧૬ ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વિવિધ પ્રકારના વૃક્ષો તથા ફૂલ-છોડની રોપણી કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં કચેરી ખાતે ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.









